અનુસુચિત જાતિના લોકો માટેની ગૃહ નિર્માણ
યોજનામાં મકાન બાંધકામ પુર્ણકરવાની મુદત
અંગેની જોગવાઈ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ ક્લ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક;સમસ/૧૩૮૭/મ.૭૧૮/૨૫૭૦/ખ
સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૨/૧૨/૮૭

વંચાણે લીધા;-

(૧) ભુતપુર્વ મજૂર,સમાજ ક્લ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ/૧૦૭૯/૭૭૩૩૦/જ- તા;૧૫-૨-૮૦

(૨) ભુતપુર્વ સમાજ ક્લ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક;એસસીડબલ્યુ/૧૦૮૦/૧૭૨૬ ( ૪૦૫૦) જ તા;૩-૭-૮૧

(૩) ભુતપુર્વ સમાજ ક્લ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક;-એનટીડબલ્યુ-૧૨૮૨- ૩૪૫૭ (૫૧૦) જ તા.૩-૬-૧૯૮૩

(૪) સમાજ ક્લ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ-૧૨૮૯/મુ.મ૧૩૦/૧૪૫૧/ખ,તા;૭-૧-૮૭

ઠ રા વ

આમુખમાં જણાવેલ ઠરાવોથી અનુસુચિત જાતિના લોકો માટેની ગૃહનિર્માણની વ્યક્તિગત યોજનાઓ અમલમાં મુકેલ છે. જેમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાની મુદત ૧ વર્ષ નિયત કરવામાં આવેલ, લાભાર્થી ૧ વર્ષની મુદતમાં મકાન બાંધકામ પૂર્ણ ન કરે તો,તે માટે જવાબદાર સંજોગોના ગુણ-દોષ તપાસ્યાબાદ જો યોગ્ય લાગે તો વધુ ૬ માસની મુદત વધારી આપવાની સત્તા આમુખમાં દર્શાવેલ તા;-૭-૧/૮૭ ના ઠરાવથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ને આપવામાં આવેલ.

આમ,લાભાર્થી વધુમાં વધુ ૧ વર્ષ અને ૬ માસની મુદતમાં મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનુ પ્રમાણ પત્ર રજુ ન કરેતો લોન/સહાયની રકમનો છેલ્લો હપ્તો મેળવવા પાત્ર થતા ન હતા, આ યોજનાઓ હેઠળ લાભ મેળવતા તમામ લાભાર્થીઓ આર્થિક રીતે વધુ પછાત હોવાના કારણે તેઓ પૈકી કેટલાક ઠરાવેલ સમય મર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ કરી શકતા નથી, આથી નિયત સમય વિતી જતાં તેઓ માટે મંજુર થયેલ સહાયની રકમનો છેલ્લો હપ્તો નિયમ મુજબ તેઓ મેળવી શકતા નથી.

વાસ્તવમાં આ યોજનાઓ હેઠળ લાભ મેળવતો લાભાર્થી પોતાના મકાનનું બાંધકામ પૂર્ણ કરે ત્યારે તે માટે મંજુર કરેલ લોન/સહાયની પુરેપુરી રકમ મેળવવા તેઓ હકદાર બને છે, આથી સહાનુભુતી પુર્વક પૂર્ણ વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે અનુસુચિત જાતિના લોકો માટેની ગૃહનિર્માણ ને લગતી વ્યક્તિગત યોજનાઓમાં મકાન બાંધકામ પૂર્ણ કરવા માટે અગાઉ ઠરાવેલ સમય મર્યાદાની જોગવાઈ રદ કરવામાં આવે છે, એટલે કે મકાન બાંધકામ પૂર્ણ કરવા માટે હવે કોઈ સમય મર્યાદા રહેતી નથી. લાભાર્થી જ્યારે પણ મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું નિયત કરેલ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરે ત્યારે તેઓ લોન/ સહાયના બાકીના હપ્તાની રકમ મેળવવા પાત્ર ઠરે છે

આ ઠરાવની તારીખ અગાઉ જે લાભાર્થીઓની લોન/સહાય મંજુર થયેલ હોય અને તેઓ મકાન સમય મર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરી શકેલ ન હોય તો તેઓને પણ આ જોગવાઈ તાત્કાલિક અસરથી લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ની.ના.મહેતા
ઉપસચિવ
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

૧.નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતું. ગુજરાત રાજ્ય,ગાંધીનગર

૨ પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.

૩.મહાલેખાકારશ્રી,અમદાવાદ/રાજકોટ.

૪.સર્વ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.

૫.સર્વ પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

૬. વિભાગની 'બ' શાખા.

૭.આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર. તરફ જાણ અર્થ.

૮.પસંદગી ફાઈલ.